# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## નવમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી

## બુધવાર, ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ [સામાન્ય વહિવટ - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - મહિલા અને બાળ કલ્યાણ - વહિવટી સુધારણા અને તાલીમ - આયોજન - નર્મદા - કલ્પસર - જળસંપત્તિ - પાણી પુરવઠા - પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - વૈધાનિક અને સંસદીય બાબતો - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - ખાણ અને ખનિજ - બંદરો - માહિતી અને પ્રસારણ - ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ ].

કુલ પ્રશ્નો 168

----

### સૌની યોજના અંતર્ગત ચેકડેમ ભરવા માટે સરવે કરવા

15/9/263 *1 **શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી (રાજુલા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌની યોજના અંતર્ગત સાત(૭) કી.મી.ના એરિયામાં ચેકડેમ પાણીથી ભરવા અંગે રાજૂલા તાલુકામાં સરવે શરૂ થયેલ છે કે કેમ,

(૨) જો હા તો ઉક્ત સરવે ક્યારે શરૂ કરવામાં આવેલ છે,અને

(૩) ઉક્ત સરવે મુજબ કેટલા ગામોના કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળવાપાત્ર થશે?

----

### રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨નું મંજૂર મહેકમ

15/9/648 *2 **શ્રી કેશુભાઇ શીવદાસ પટેલ (ભૂજ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨ સંવર્ગની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

## મહેસાણા જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/685 *3 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## સુરત જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

15/9/258 *4 **શ્રી વિનોદભાઇ અમરશીભાઇ મોરડીયા (કતારગામ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગામોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કિસાન સૂર્યોદય યોજના હેઠળ કેટલા ગામોને દિવસે વીજળી મળી રહેલ છે?

----

## રાજ્યમાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨નું મંજૂર મહેકમ

15/9/730 *5 **શ્રી મહેશકુમાર લાલજીભાઇ કસવાલા (સાવરકુંડલા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

## અમરેલી જિલ્લામાં પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ-C) યોજના

15/9/238 *6 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ પી.એમ.કુસુમ કોમ્પોનન્ટ-C યોજના અંતર્ગત ફીડર લેવલ સોલરાઈઝેશન હેઠળ અમરેલી જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ સ્થાપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સોલાર પ્રોજેક્ટની કુલ એકત્રિત સ્થાપિત ક્ષમતા કેટલી છે?

----

## ઢાઢર નદી પર દરીયાઈ ખારાશ અટકાવવા બાબત

15/9/83 *7 **શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા (ડભોઇ):**

**જળસંપત્તિ :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ઢાઢર નદી પર દરિયાઈ ખારાશ અટકાવવા સરકાર દ્વારા કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામગીરી કયા તબક્કે છે?

----

## ઉમરગામ તાલુકાના ગામોમાં સંરક્ષણ દિવાલ બનાવવા બાબત

15/9/1315 *8 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ ઉમરગામ તાલુકાના દરિયા કિનારાના ગામોમા સંરક્ષણ વોલ બનાવવા બાબતે સરકાર કોઈ આયોજન કરેલ છે કે કેમ,અને

(૨) જો હા, તો સન ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષમાં આના માટે કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે અને આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## કચ્છ જિલ્લામાં મધ્યમ સિંચાઈ યોજનાઓની સુધારાત્મક કામગીરી

15/9/97 *9 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલી મધ્યમ સિંચાઈ યોજનાઓ આવેલી છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મધ્યમ સિંચાઈ યોજનાઓમાં સુધારાત્મક કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૩) ઉકત કામગીરીમાં અંદાજીત કેટલો ખર્ચ થયેલ છે?

----

## વલસાડ અને નવસારી જિલ્લામાં સહાય પેકેજ આપવા બાબત

15/9/731 *10 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારે વરસાદ અને પુરને કારણે વલસાડ અને નવસારી જિલ્લામાં સહાય પેકેજ પેટે કેટલી રકમ જાહેર કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રાહત પેકેજવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા અસરગ્રસ્તોને કયા હેતુ માટે કેટલી સહાય ચુકવવામાં આવી?

----

## સાબરકાંઠા જિલ્લામાં ખોટી રીતે બનેલા ખેડૂતોની જમીન શ્રીસરકાર કરવા બાબત

15/9/724 *11 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખોટી રીતે ખેડૂત બનેલા કેટલા ઇસમોની કેટલી જમીન શ્રીસરકાર કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શ્રીસરકાર થયેલ જમીનની બજાર કિંમત શું છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ શ્રીસરકાર થયેલ જમીનનો કબજો સરકારે ક્યારે લીધેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લાની દિયોદર-લાખણી પાઈપલાઈન યોજના

15/9/78 *12 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**જળસંપત્તિ :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દિયોદર-લાખણી પાઇપલાઇન તથા થરાદ-સીપુ પાઇપલાઇનને જોડતી પાઇપલાઇન નાખવાની કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે?

----

## બોટાદ અને ગઢડા તાલુકામાં એજન્સી વિરુધ્ધ ફરિયાદ

15/9/214 *13 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**પાણી પુરવઠા :-**
માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને ગઢડા તાલુકામાં પીવાના પાણીની પાઈપલાઈનનું કામ કરતી એજન્સી વિરુધ્ધ ગેરરીતિ આચરેલ હોવાની તથા ગુણવત્તાવિહીન કામગીરી કર્યા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે એજન્સી સામે શી કાર્યવાહી કરી?

----

## રાજકોટ જિલ્લામાં પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ-C) યોજના

15/9/237 *14 **શ્રી જયેશભાઇ વિઠ્ઠલભાઇ રાદડીયા (જેતપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ પી.એમ.કુસુમ કોમ્પોનન્ટ-C યોજના અંતર્ગત ફીડર લેવલ સોલરાઈઝેશન હેઠળ રાજકોટ જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ સ્થાપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સોલાર પ્રોજેક્ટની કુલ એકત્રિત સ્થાપિત ક્ષમતા કેટલી છે?

----

## કચ્છ જિલ્લામાં માર્ગોનું રીકાર્પેટ

15/9/171 *15 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓમાં સાત વર્ષથી વધુ સમય થઇ ગયેલ હોઈ તેવા કેટલા માર્ગો રીકાર્પેટ કરવાના બાકી છે,અને

(૨) તે પૈકી કેટલા માર્ગો રીકાર્પેટ કરવામાં આવ્યા?

----

## વિસનગર - વિજાપુર રોડને ચારમાર્ગીય પહોળો કરવાનું આયોજન

15/9/1321 *16 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિસનગર - વિજાપુર રોડને ચારમાર્ગીય કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને
(૨) જો હા તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે?

----

## રાજ્યમાં સ્માર્ટ મીટર અને તે અંગે થયેલ ખર્ચ

15/9/246 *17 **ડૉ. હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં સરકારી વીજ કંપનીઓ દ્વારા કેટલા સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા,

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) તે પૈકી સરકારી ઈમારતોમાં કેટલા લગાવવામાં આવ્યા અને તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

----

## તાપી જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/679 *18 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/03/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## અમદાવાદ જીલ્લામાં નળકાંઠા વિસ્તારમાં સિંચાઈથી વંચિત વિસ્તાર માટે સિંચાઈનું પાણી આપવા બાબત

15/9/1353 *19 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં નળકાંઠા વિસ્તારમાં સિંચાઈથી વંચિત વિસ્તાર માટે સિંચાઈનું પાણી આપવા માટેની તબક્કા-૧ની યોજના હાલ કયા તબક્કે છે,

(૨) આ યોજનામાં કેટલા કિલોમીટરની લંબાઈમાં પાઈપલાઈન નાખવાની જોગવાઈ હતી, અને

(૩) આ યોજનામાં કયા કયા સ્થળેથી સિંચાઈનું પાણી લેવાનું આયોજન કરેલ છે?

----

## ગાંધીનગર જીલ્લાના બાલાસિનોર – કપડવંજ – ઉત્કંઠેશ્વર – દહેગામ રોડ રીસરફેસીંગ કરવા

15/9/1332 *20 **શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લાના બાલાસિનોર – કપડવંજ – ઉત્કંઠેશ્વર – દહેગામ રોડ કિમી.૨૪/૦૦ થી ૪૩/૨૫૦ ને રીસર્ફેસીંગનું કામ કરવા માટે મંજૂરી મળેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા તો ઉક્ત કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને
(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી હાલ ક્યા તબક્કે છે ?

----

## વલસાડ જિલ્લાના ભાગડાખુર્દ ખાતે પ્રોટેકશન વોલના બાંધકામ બાબત

15/9/88 *21 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ભાગડાખુર્દ ગામ ખાતે કોઈ પ્રોટેકશન વોલના બાંધકામની કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે, અને

(૩) આ પ્રોટેકશન વોલના ખર્ચની અંદાજિત રકમ કેટલી છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં કુપોષિત બાળકો

15/9/331 *22 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુપોષિત બાળકોને પોષણક્ષમ આહાર આપવા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

----

## સુરત જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

15/9/378 *23 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિલા સ્વાવલંબન યોજના હેઠળ સુરત જિલ્લામાં કેટેગરી વાઈઝ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી સબસીડી ચૂકવવામાં આવેલ છે?

----

## રાજ્યમાં જમીન દફતરી નિરીક્ષક વર્ગ-૨ નું મંજૂર મહેકમ

15/9/718 *24 **શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨ સંવર્ગની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

## મહીસાગર જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/682 *25 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લામાં પૂર્ણા યોજનાના લાભાર્થી

15/9/383 *26 **શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પૂર્ણા યોજનાના કેટલા લાભાર્થીએ લાભ લીધેલ છે,

(૨) ઉક્ત લાભાર્થીઓને પૂર્ણા શક્તિના કેટલા પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે,અને

(૩) તેનો કેટલો ખર્ચ થયેલ છે?

----

## વડોદરાના આજવા ડેમની ડાઉનસ્ટ્રીમમાં બેરેજ ટાઈપ સ્ટ્રકચર બનાવવા બાબત

15/9/82 *27 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:.

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વડોદરા ખાતે આજવા ડેમની ડાઉનસ્ટ્રીમમાં બેરેજ ટાઈપ સ્ટ્રકચર બનાવવાની કામગીરી કયા તબક્કે છે?

----

## સુરત જિલ્લામાં કાર્યરત પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના

15/9/357 *28 **શ્રીમતી સંગીતાબહેન રાજેન્દ્રભાઈ પાટીલ (લીંબાયત):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલી અરજીઓ પ્રાપ્ત થઈ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં સમાધાન કરવામાં આવ્યું છે,અને

(૩) સુરત જિલ્લામાં આવા કુલ કેટલા સેન્ટર કાર્યરત છે?

----

## પંચમહાલ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાની કેનાલોની મરામત

15/9/103 *29 **શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ સુથાર (મોરવા હડફ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાઓના કેનાલ મરામતના કેટલા કામો કરવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઉકત કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) મરામત બાદ કેટલા હેકટરમાં સિંચાઈનો લાભ થશે?

----

## બોરસદ તાલુકાના ભાદરણ ગામને વતનપ્રેમ યોજના હેઠળ પ્રોત્સાહક ગ્રાન્ટ

15/9/465 *30 **શ્રી ચિરાગકુમાર અરવિંદભાઇ પટેલ (ખંભાત):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વતનપ્રેમ યોજના અંતર્ગત આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ભાદરણ ગામે કયા કામ મંજુર થયેલ છે, અને

(૨) તે પેટે કેટલી પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવેલ છે?

----

## ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત મોરબી જિલ્લામાં ગૌણ ખનિજની લીઝ

15/9/621 *31 **શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા (ટંકારા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

૧) ખાનગી જમીન માલિકો પોતાની માલિકીની જમીનમાં ગૌણ ખનિજની લીઝ સરળતાથી મેળવી શકે તે માટે 'Ease of Doing Business' અંતર્ગત કયા નિયમોમાં છૂટછાટ આપવામાં આવી છે,અને

(૨) ઉક્ત નિયમો અનુસાર તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં કેટલા અરજદારોને મંજૂરી આપવામાં આવી છે?

----

## ભાવનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/9/683 *32 **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧/03/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને જાહેર હેતુ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,અને

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી?

----

## ભરૂચ જિલ્લામાં વહાલી દીકરી યોજના

15/9/370 *33 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/03/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં વહાલી દીકરી યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,અને કેટલી અરજીઓ પડતર રહેલ છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

----

## ડાંગ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/709 *34 **શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી,

કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી અને,

(૩) નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે?

----

## મેશ્વો નદી પર ચેકડેમ બનાવવા બાબત

15/9/74 *35 **શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી પરમાર (મોડાસા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ સિરીઝ ઓફ ચેકડેમ અંતર્ગત મેશ્વો નદી પર કેટલા ચેકડેમનું બાંધકામ પૂર્ણ થયેલ અને કેટલા પ્રગતિ હેઠળ છે, અને

(૨) આ ચેકડેમોના બાંધકામ કરવાથી કેટલા ગામોને ફાયદો થશે?

----

## મહિસાગર જિલ્લામાં ખેતીવાડી ફીડરના ખુલ્લા વીજ વાયરો

15/9/262 *36 **ડૉ. કુબેરભાઇ મનસુખભાઇ ડીંડોર (સંતરામપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં મહિસાગર જિલ્લામાં ખેતીવાડી ફીડરના કેટલા કી.મી. ખુલ્લા વીજ વાયરોને એમવીસીસીમાં બદલવામાં આવ્યા?

----

## નર્મદા જિલ્લામાં પૂર્ણા યોજનાના લાભાર્થી

15/9/384 *37 **ડૉ. દર્શના ચંદુભાઇ દેશમુખ (વસાવા) (નાંદોદ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં પૂર્ણા યોજનાના કેટલા લાભાર્થીએ લાભ લીધેલ છે,

(૨) ઉક્ત લાભાર્થીઓને પૂર્ણા શક્તિના કેટલા પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે,અને

(૩) તેનો કેટલો ખર્ચ થયેલ છે?

----

## મહીસાગર જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/687 *38 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## પાટણ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાઓની સુધારાત્મક કામગીરી

15/9/96 *39 **શ્રી લવીંગજી મુળજી સોલંકી (રાધનપુર):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી નાની સિંચાઈ યોજના આવેલ છે અને છેલ્લા બે વર્ષમાં નાની સિંચાઈ યોજના માટે કોઈ સુધારાત્મક કામગીરી કરાવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો?

----

## વલસાડ જિલ્લાની નવી ગ્રામ પંચાયતોના મકાનો

15/9/810 *40 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલી નવી ગ્રામ પંચાયતોને મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોના મકાનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, કેટલા પ્રગતિ હેઠળ છે તથા કેટલા હજુ બાકી છે, અને

(૩) બાકી રહેલા મકાનોના બાંધકામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## છોટાઉદેપુર જિલ્લાના ગામોમાં વીજ વિતરણ કરવાની કામગીરી

15/9/227 *41 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના કેટલા ગામોની વીજ વિતરણ કરવાની કામગીરી વડોદરા જિલ્લાની વિભાગીય કચેરીઓ હેઠળ આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉક્ત કામગીરી છોટાઉદેપુર જીલ્લાની વિભાગીય કચેરીઓને સોંપવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

## ધાનેરા તાલુકામાં રિવર રીજુવેનેશન પ્રોજેક્ટ

15/9/578 *42 **શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાનેરા તાલુકામાં રેલ નદીને તેના સંરક્ષણ, ઊંડાણ વધારવા, કિનારા મજબૂતીકરણ તથા સ્વચ્છતા માટે રિવર રીજુવેનેશન પ્રોજેક્ટ હેઠળ સમાવેશ કરવા માટે કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) ઉકત સ્થિતિએ ઉક્ત મળેલ અરજીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા ખર્ચે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત પ્રોજેક્ટને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

----

## મસીતીયા લાખાબાવળ રોડને પહોળો કરવા

15/9/1330 *43 **શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ (જામનગર (ગ્રામ્ય)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ દરેડ મસીતીયા લાખાબાવળ રોડને પહોળો કરવા માટે સરકારનુ કોઇ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો સરકાર દ્વારા સદરહુ કામ માટે કેટલી રકમની મંજૂરી આપવામા આવી, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામ કયા તબક્કે છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/9/675 *44 **શ્રી જયંતિભાઇ સવજીભાઇ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને જાહેર હેતુ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,અને

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લાના તેરવાડા ગામે માઈનોર કેનાલમાં ગાબડું

15/9/324 *45 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકાના તેરવાડા ગામે ભાભર- ચચાસણા માઈનોર કેનાલમાં ગાબડું પડવાથી ખેડૂતોની ફળદ્રુપ જમીન અને ઊભા પાકનું ધોવાણ થઈ ગયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા તો, નુકસાન થયેલ ખેડૂતોને વળતર ચૂકવવા સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા?

----

## ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત કચ્છ જિલ્લામાં ગૌણ ખનિજની લીઝ

15/9/620 *46 **શ્રી અનિરૂધ્ધ ભાઇલાલ દવે (માંડવી):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કેઃ

૧) ખાનગી જમીન માલિકો પોતાની માલિકીની જમીનમાં ગૌણ ખનિજની લીઝ સરળતાથી મેળવી શકે તે માટે 'Ease of Doing Business' અંતર્ગત કયા નિયમોમાં છૂટછાટ આપવામાં આવી છે,અને

(૨) ઉક્ત નિયમો અનુસાર તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા અરજદારોને મંજૂરી આપવામાં આવી છે?

----

## નવસારી જિલ્લામાં વહાલી દીકરી યોજના

15/9/371 *47 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં વહાલી દીકરી યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,અને કેટલી અરજીઓ પડતર રહેલ છે ,અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

----

## સાબરકાંઠા જિલ્લાની હાથમતી જળાશય આધારીત ઉદ્દવહન સિંચાઈ યોજના

15/9/80 *48 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં હાથમતી જળાશય આધારિત ઉદ્દવહન સિંચાઈ યોજના બનાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ યોજનાની કામગીરી કયા તબક્કે છે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં ખેતીવાડી વીજ ફીડરોનું કેબલીંગ

15/9/448 *49 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે ખેતીવાડીની ૧૧ કેવી વીજ લાઈનમાં કેબલ નાખવાની જાહેરાત ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત જાહેરાત અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કેટલા ખેતીવાડી વીજ ફીડરોનું કેબલીંગ કરવામાં આવેલ છે,

(૩) કેટલા ફીડરોનું કેબલીંગ બાકી છે, અને

(૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## અમદાવાદ જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

15/9/376 *50 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**
માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિલા સ્વાવલંબન યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટેગરી વાઈઝ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી સબસિડી ચૂકવવામાં આવેલ છે?

----

## ડાંગ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/693 *51 **શ્રી સ્વામી દેવકિશોરદાસજી (ડી.કે.સ્વામી) (જંબુસર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી અને,

(૩) નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે?

----

## સુરત જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે થયેલ નુકશાન માટે સહાય ચૂકવવા

15/9/656 *52 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-

૧) રાજ્યમાં ૨૦૨૬ના વર્ષમાં થયેલી અતિવૃષ્ટિના કારણે સુરત જિલ્લામાં સહાય ચૂકવવામાં આવેલ છે કે કેમ,અને

(૨) જો હા,તો ક્યા પ્રકારના નુકશાન માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

----

## વલસાડ જિલ્લામાં ચોમાસા દરમિયાન અતિભારે વરસાદના કારણે રસ્તાઓને નુકસાન

15/9/1354 *53 **શ્રી જીતુભાઇ હરજીભાઇ ચૌધરી (કપરાડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧).તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ચોમાસા દરમિયાન ભારેથી અતિભારે વરસાદના કારણે વારંવાર રસ્તાઓને નુકસાન થતું હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨).જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રસ્તાઓના સમારકામ પાછળ થતો ખર્ચ ઘટાડવા તથા રસ્તાઓને કાયમી ધોરણે સુરક્ષિત બનાવવા શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## વડોદરા જિલ્લાની નવીન ગ્રામ પંચાયતોના મકાનો

15/9/453 *54 **શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ ઇનામદાર (સાવલી):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/03/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાની કેટલી અને કઈ નવીન ગ્રામ પંચાયતના મકાન બનાવવાની મંજૂરી આપવામાં આવેલ છે?

----

## જૂનાગઢ જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

15/9/377 *55 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિલા સ્વાવલંબન યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં કેટેગરીવાઈઝ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી સબસીડી ચૂકવવામાં આવેલ છે?

----

## ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

15/9/254 *56 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

----

## અમદાવાદ જિલ્લામાં મામલતદારનું મંજૂર મહેકમ

15/9/647 *57 **શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મામલતદાર સંવર્ગમાં કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## પોરબંદર જિલ્લામાં ખેતીવાડી ફીડરના ખુલ્લા વીજ વાયરો

15/9/261 *58 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં પોરબંદર જિલ્લામાં ખેતીવાડી ફીડરના કેટલા કી.મી. ખુલ્લા વીજ વાયરોને એમવીસીસીમાં બદલવામાં આવ્યા?

----

## રાજકોટ જિલ્લામાં પાનેલી નાની સિંચાઈ યોજનાની મરામતની કામગીરી

15/9/100 *59 **ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):**

**જળસંપત્તિ :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં આવેલ ઉપલેટા તાલુકાની પાનેલી નાની સિંચાઈ યોજનાની મરામતની કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થનાર છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ

15/9/251 *60 **શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર (પ્રાંતિજ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

----

## ભાવનગર જિલ્લામાં પૂર્ણા યોજનાના લાભાર્થી

15/9/382 *61 **શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**
માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પૂર્ણા યોજનાના કેટલા લાભાર્થીએ લાભ લીધેલ છે,

(૨) ઉક્ત લાભાર્થીઓને પૂર્ણા શક્તિના કેટલા પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે,અને

(૩) તેનો કેટલો ખર્ચ થયેલ છે?

----

**કદવાલ તાલુકાનાં વસનગઢ ગ્રામ પંચાયતમાં આંબાખૂટ ગામને પેટા ફળિયા તરીકે સમાવેશ કરવા બાબત**

15/9/64 *62 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર ધ્વારા કદવાલ તાલુકાનાં વસનગઢ ગ્રામ પંચાયતમાં આંબાખૂટ ગામને પેટા ફળિયા તરીકે સમાવેશ કરવાની દરખાસ્ત સરકારને ક્યારે મળી,
(૨) ઉક્ત સ્થિતિએ દરખાસ્ત અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને
(૩) ઉક્ત કામગીરી હાલ કયા તબક્કે છે ?

----

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ૭૩એએ હેઠળ પરવાનગી માંગતી દરખાસ્તો**

15/9/723 *63 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૭૩એએ હેઠળ પરવાનગી આપવા રાજ્ય સરકારને કેટલી દરખાસ્તો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરખાસ્તો પૈકી નિર્ણય લેવાયા વગરની ત્રણ માસ ઉપર ની કેટલી દરખાસ્તો પડતર છે,અને

(૩) ઉક્ત દરખાસ્તો પડતર રહેવાના કારણો શા છે?

----

**દાહોદ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી**

15/9/681 *64 **શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## નવસારી અને તાપી જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/651 *65 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી અને તાપી જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## પાટણ જિલ્લામાં વહાલી દીકરી યોજના

15/9/374 *66 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**
માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં વહાલી દીકરી યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,અને કેટલી અરજીઓ પડતર રહેલ છે ,અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લામાં નાની સિંચાઈ યોજનાની સુધારાત્મક કામગીરી

15/9/94 *67 **શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર (પાલનપુર):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી નાની સિંચાઈ યોજના આવેલ છે અને છેલ્લા બે વર્ષમાં ઉક્ત નાની સિંચાઈ યોજના માટે કોઈ સુધારાત્મક કામગીરી કરાવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ ઉકત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

----

## પાટણ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/680 *68 **શ્રી રાજેન્દ્રકુમાર દાનેશ્વર ચાવડા (કડી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## અમદાવાદ અને વડોદરા જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના પુલો

15/9/337 *69 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૦૧/૦૮/૨૦૨૬ની સ્થિતિએ માર્ગ અને મકાન વિભાગ હસ્તકના અમદાવાદ અને વડોદરા જિલ્લામાં કેટલા પુલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલા પુલોની ફીટનેસ ચકાસણી કરવામાં આવી,

(૩) આ ચકાસણી દરમ્યાન કેટલા પુલો ક્ષતિગ્રસ્ત મળ્યા, અને

(૪) આ ક્ષતિગ્રસ્ત પુલો પૈકી કેટલા પુલો છેલ્લા પાંચ કે દસ વર્ષમાં બનાવવામાં આવેલ છે ?

----

## સૌની યોજના હેઠળ તાલાલા તાલુકામાં હિરણ-૨ ડેમમાં પાણી પહોચાડવા બાબત

15/9/562 *70 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**જળસંપત્તિ :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ સૌની યોજના હેઠળ તાલાલા તાલુકાનાં હિરણ-૨ ડેમમાં પાણી પહોચાડવાનું કામ કયા તબ્બકે છે,અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## દાહોદ જિલ્લામાં એમ.જી.વી.સી.એલ.ની લીમડી તાલુકા મુકામે નવીન વિભાગીય કચેરી

15/9/351 *71 **શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ, દાહોદ જિલ્લામાં એમ.જી.વી.સી.એલ.ની હાલ કેટલી વિભાગીય કચેરીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગોવિંદગુરૂ લીમડી તાલુકા મુકામે નવીન વિભાગીય કચેરી મંજૂર કરવા અંગે સરકારને કોઈ દરખાસ્ત/રજૂઆત મળેલ છે કે કેમ,

(૩) જો હા, તો તે અંગે સરકારે શું કાર્યવાહી કરી છે?

----

## રાજ્યમાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨નું મંજૂર મહેકમ

15/9/733 *72 **શ્રી જનકભાઇ તળાવિયા (લાઠી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

**ખેડા જિલ્લામાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી**

15/9/677 *73 **શ્રી રાજેશકુમાર મગનભાઇ ઝાલા (કપડવંજ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

**રાજકોટ જિલ્લામાં નવા ચેકડેમો બનાવવા બાબત**

15/9/91 *74 **શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ બાબરીયા (રાજકોટ ગ્રામ્ય):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા નવા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) સદરહું કામગીરી થવાથી કેટલા વિસ્તારને લાભ થયેલ છે?

----

**ભાવનગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

15/9/366 *75 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ

મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થઈ,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) તે પૈકી કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

----

**લુણાવાડા શહેરમાં સર્વે નં.માં ડોક્યુમેન્ટમાં અનિયમિતતા**

15/9/445 *76 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં આવેલ સર્વે નં. ૫૧૦૩ તથા તેના પેટા ૫૧૦૩/૧ થી ૫૧૦૩/૩૦ સુધી સંબંધિત જમીનના મહેસુલી સર્વે લીઝ,બિન ખેતી પેટા વિભાગ, પ્રોપર્ટી કાર્ડમાં અનિયમિતતા અને પરસ્પર વિરોધી તથ્યો છે, તે હકીકત સરકાર વાકેફ છે કે કેમ,અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ ઉક્ત અનિયમિતતા માટે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

**જામનગર જિલ્લાની મછલીવડ નાની સિંચાઈ યોજનાની મરામતની કામગીરી**

15/9/101 *77 **શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં આવેલ કાલાવડ તાલુકાની મછલીવડ નાની સિંચાઈ યોજનાની મરામતની કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થનાર છે?

----

**બોટાદ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ**

15/9/702 *78 **શ્રી કાળુભાઇ રૂપાભાઇ ડાભી (ધંધુકા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોના નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## જામનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/706 *79 **શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

15/9/635 *80 **શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે?

----

## આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

15/9/259 *81 **શ્રી વિપુલકુમાર વિનુભાઇ પટેલ (સોજિત્રા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગામોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કિસાન સૂર્યોદય યોજના હેઠળ કેટલા ગામોને દિવસે વીજળી મળી રહેલ છે?

----

## રાજ્યમાં જમીન દફતર ખાતાની વર્ગ-૨ની કચેરીઓનુ વિકેન્દ્રિકરણ

15/9/717 *82 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ જમીન દફતર ખાતાની વર્ગ-૨ની કચેરીઓનું વિકેન્દ્રિકરણ કરી તાલુકા કક્ષાએ કુલ કેટલી કચેરીઓ કાર્યરત કરવામાં આવેલ છે,

(૨) આ કચેરીઓ કાર્યરત કરવા માટે વર્ગ-૨ની નવી કેટલી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) તાલુકા કક્ષાએ જમીન દફતર ખાતાની કચેરીઓ કાર્યરત કરવાથી વહીવટી અને નાગરિકલક્ષી શું ફાયદા થનાર છે?

----

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવા બંધારા બનાવવા બાબત

15/9/89 *83 **શ્રી મુળુભાઇ હરદાસભાઇ બેરા (ખંભાળીયા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ નવા બંધારા બનાવવાની કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામે કેટલી રકમની વહીવટી મંજુરી મળેલ છે,

(૩) કામગીરી હાલ કયા તબક્કે છે, અને

(૪) આ કામગીરીથી શું ફાયદો થનાર છે?

----

## વિસાવદર તાલુકા પંચાયતનું નવીન મકાન

15/9/450 *84 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના દશમા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૪૬૭૯ (અગ્રતા-૮૪) ના અનુસંધાને માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વિસાવદર તાલુકા પંચાયતનું નવીન મકાન બનાવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે મળેલ છે,

(૨) ઉક્ત મકાન બનાવવા જગ્યા નક્કી કરવાની વિચારણા ચાલુ હતી તે વિચારણા ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) જો જગ્યા ન મળેલ હોય તો તેના કારણો શાં છે અને જગ્યા મેળવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આ કામગીરી ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## પાટણ જિલ્લામાં પૂર્ણા યોજનાના લાભાર્થી

15/9/385 *85 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પૂર્ણા યોજનાના કેટલા લાભાર્થીએ લાભ લીધેલ છે,

(૨) ઉક્ત લાભાર્થીઓને પૂર્ણા શક્તિના કેટલા પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે,અને

(૩) તેનો કેટલો ખર્ચ થયેલ છે?

----

## ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ગૌણ ખનિજની લીઝ

15/9/626 *86 **શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

૧) ખાનગી જમીન માલિકો પોતાની માલિકીની જમીનમાં ગૌણ ખનિજની લીઝ સરળતાથી મેળવી શકે તે માટે 'Ease of Doing Business' અંતર્ગત કયા નિયમોમાં છૂટછાટ આપવામાં આવી છે,અને

(૨) ઉક્ત નિયમો અનુસાર તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કેટલા અરજદારોને મંજૂરી આપવામાં આવી છે?

----

## રાજ્યમાં તાલુકા અને જિલ્લા પંચાયતના મકાનો

15/9/455 *87 **શ્રી યોગેશ આર. પટેલ (આણંદ):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/03/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલી અને કઈ તાલુકા પંચાયતના બાંધકામને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## ભેટ દસ્તાવેજ (Gift Deed) પર સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કરવા બાબત

15/9/3 *88 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ભેટ દસ્તાવેજ (Gift Deed) પર લાગતી સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કરવા અંગે વિચારણા હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## કલેકટર તાપી દ્વારા કરવામાં આવેલ બિનખેતીના હુકમો

15/9/112 *89 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કલેકટર તાપી દ્વારા બિનખેતીના કેટલા હુકમો કરવામાં આવેલ,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બિનખેતીના હુકમ રદ કરવા, શરતભંગની કાર્યવાહી કરવા કેટલી રજૂઆત, ફરિયાદ સરકારને મળી, અને

(૩) ઉકત સ્થિતિએ મળેલ રજૂઆત, ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## દાહોદ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/686 *90 **શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## મહેસાણા જિલ્લામાં નાની સિંચાઈ યોજનાઓની સુધારાત્મક કામગીરી

15/9/95 *91 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી નાની સિંચાઈ યોજના આવેલ છે અને છેલ્લા બે વર્ષમાં નાની સિંચાઈ યોજના માટે કોઈ સુધારાત્મક કામગીરી કરાવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉકત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થયો?

----

## અમરેલી જિલ્લાની નવીન ગ્રામ પંચાયતોના મકાનો

15/9/454 *92 **શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી (રાજુલા):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લાની કેટલી અને કઈ નવીન ગ્રામ પંચાયતના મકાન બનાવવાની મંજૂરી આપવામાં આવેલ છે?

----

**અમરેલી જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને જાહેર હેતુ માટે જમીન ફાળવણી**

15/9/676 *93 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને જાહેર હેતુ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,અને

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી?

----

**ઉમરગામ તાલુકામાં ભારે વરસાદને કારણે નુકસાન સહાય બાબત.**

15/9/1317 *94 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૧૦/૦૮/૨૦૨૬ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં તાજેતરમાં પડેલ ભારે વરસાદને કારણે લોકોના મકાનો પડી ગયેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ સહાય ચૂકવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?

----

**રાજ્યમાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨નું મંજૂર મહેકમ**

15/9/649 *95 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

## રાજ્યમાં મોટા-મધ્યમ-નાના બ્રીજને ભયજનક જાહેર કરવા બાબત

15/9/742 *96 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર માર્ગ-મકાન વિભાગ હસ્તકના કેટલા મોટા-મધ્યમ-નાના બ્રીજને ભયજનક જાહેર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ સદર બ્રીજો પૈકી કેટલા વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ નવા બ્રીજ બનાવવા માટે શું આયોજન છે?

----

## સર્કિટ હાઉસનું સંચાલન ખાનગી કંપની/એજન્સીઓને સોંપવા બાબત

15/9/740 *97 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલા સર્કીટ હાઉસનું સંચાલન ખાનગી કંપની/એજન્સીઓને સોંપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સર્કીટ હાઉસનું વાર્ષિક કે માસિક કેટલું ભાડું ખાનગી કંપની/એજન્સીઓ દ્વારા સરકારને ચૂકવવામાં આવે છે, અને

(૩) આવા સર્કીટ હાઉસ ભાડાપટ્ટે આપવાના કારણો શા છે?

----

## ડીસા તાલુકા પંચાયત કચેરીના મકાનનું બાંધકામ

15/9/456 *98 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ડીસા તાલુકા પંચાયત કચેરીનું બાંધકામ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત બાંધકામ માટે કેટલી રકમનું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે?

----

## બોટાદ તાલુકા અને ગઢડા તાલુકામાં બાલમંદિર બનાવવા બાબત

15/9/216 *99 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ બોટાદ તાલુકા અને ગઢડા તાલુકાના કયા ગામોમાં તેમજ બોટાદ શહેરમાં કયા વિસ્તારમાં કેટલા બાલમંદિર જર્જરિત હાલતમાં છે,

(૨)ઉકત જર્જરિત બાલમંદિરની જગ્યાએ નવા બાલમંદિર બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત બાલમંદિર બનાવવા માટે કેટલો ખર્ચ થયેલ છે?

----

## અબડાસા અને લખપત તાલુકામાં નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવા

15/9/174 *100 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧)તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોડકુબા નર્મદા કેનાલનું એક્સટેંશન કરીને અબડાસા તાલુકામાં નર્મદાનું સિંચાઈ માટે પાણી આપવા માટે કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨)જો હા તો ઉક્ત સ્થિતિએ તેનાથી લખપત,નખત્રાણા અને અબડાસા તાલુકાના કેટલા ગામોને લાભ થશે,અને

(૩)ઉક્ત કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## વિજાપુર - રણસીપુર રોડને ચારમાર્ગીય પહોળો કરવાનું આયોજન

15/9/1322 *101 ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિજાપુર - રણસીપુર

રોડને ચારમાર્ગીય કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને
(૨) જો હા તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે?

----

**વલસાડ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

15/9/369 *102 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**
માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થઈ,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) તે પૈકી કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

----

**બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈના ડેમો**

15/9/332 *103 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**જળસંપત્તિ :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ અને અમીરગઢ તાલુકામાં સિંચાઈના કેટલા ડેમો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ડેમો પૈકી કેટલા ડેમો ખાલી છે,અને

(૩) ઉક્ત ખાલી ડેમોમાં પાણી ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

----

**તાપી જિલ્લામાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી**

15/9/678 *104 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન

ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## વડોદરા જીલ્લાના જરોદ-રવાલ-વાઘોડિયા રોડ પહોળો કરવા બાબત

15/9/1345 *105 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વડોદરા જીલ્લાના જરોદ-રવાલ-વાઘોડિયા રોડ કિ.મી. ૦/૦ થી ૧૮/૦૦ ને હયાત ૭.૦૦ મી. માંથી ૧૦.૦૦ મી. પહોળો કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ,
(૨) જો હા તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને
(૩) હાલ કામગીરી કયા તબકકે છે ?

----

## મોરવા(હ) તાલુકાના અગરવાડા તાજપુર વંદેલી રોડને પહોળા કરવા બાબત

15/9/1333 *106 **શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ સુથાર (મોરવા હડફ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ મોરવા(હ) તાલુકાના અગરવાડા તાજપુર વંદેલી રોડને વાયડનીંગ કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ,
(૨) જો હા તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને
(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યાં તબક્કે છે?

----

## ભરૂચ જીલ્લાના ઇલાવ સાહોલ ખરચ કોસંબા રોડ માટે આયોજન

15/9/1340 *107 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ભરૂચ જીલ્લાના ઇલાવ સાહોલ ખરચ કોસંબા રોડ માટે સરકારનું શું આયોજન છે, અને
(૨) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી કયા તબકકે છે ?

----

## ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ગૌણ ખનિજની લીઝ

15/9/627 *108 **શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી પરમાર (મોડાસા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

૧) ખાનગી જમીન માલિકો પોતાની માલિકીની જમીનમાં ગૌણ ખનિજની લીઝ સરળતાથી મેળવી શકે તે માટે 'Ease of Doing Business' અંતર્ગત કયા નિયમોમાં છૂટછાટ આપવામાં આવી છે,અને

(૨) ઉક્ત નિયમો અનુસાર તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા અરજદારોને મંજૂરી આપવામાં આવી છે?

----

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/705 *109 **ડૉ. દર્શના ચંદુભાઇ દેશમુખ (વસાવા) (નાંદોદ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી અને,

(૩) નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે?

----

## પાટણ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

15/9/362 *110 **શ્રી લવીંગજી મુળજી સોલંકી (રાધનપુર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/03/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થઈ,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) તે પૈકી કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

----

## વલસાડ જિલ્લામાં નવા સબસ્ટેશનની મંજૂરી

15/9/811 *111 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા નવા સબસ્ટેશનોને મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સબસ્ટેશનોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે, કેટલા સબસ્ટેશનોનું કામ પ્રગતિ હેઠળ છે તથા કેટલા સબસ્ટેશનોનું કામ હજુ બાકી છે, અને

(૩) બાકી રહેલા સબસ્ટેશનોનું નિર્માણ કાર્ય ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં ગૌણ ખનિજની લીઝ નિયમોમાં છૂટછાટ

15/9/628 *112 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**ખાણ અને ખનિજ :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

૧) ખાનગી જમીન માલિકો પોતાની માલિકીની જમીનમાં ગૌણ ખનિજની લીઝ સરળતાથી મેળવી શકે તે માટે 'Ease of Doing Business' અંતર્ગત કયા નિયમોમાં છૂટછાટ આપવામાં આવી છે,અને

(૨) ઉક્ત નિયમો અનુસાર તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા અરજદારોને મંજૂરી આપવામાં આવી છે?

----

## થાવરથી વાસણ બોર્ડર સુધીનો રાજસ્થાનની સરહદને જોડતો આંતરરાજ્ય માર્ગને પહોળો કરવા બાબત

15/9/584 *113 **શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાનેરા તાલુકામાં આવેલ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકનો થાવરથી વાસણ બોર્ડર સુધીનો રાજસ્થાનની સરહદને જોડતો આંતરરાજ્ય માર્ગને પહોળો કરી મજબૂતીકરણ તથા રિ-સરફેસિંગ કરવાની કેટલી અરજીઓ સરકારને મળેલ છે,
(૨) ઉક્ત મળેલ અરજીઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી,અને
(૩) ઉક્ત રસ્તાને ક્યાં સુધીમાં પહોળો કરી મજબૂતીકરણ તથા રિ-સરફેસિંગ કરવામાં આવનાર છે ?

----

**બનાસ નદીમાં સુજલામ સુફલામ નહેર મારફતે પાણી છોડવા**

15/9/326 *114 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**જળસંપત્તિ :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસ નદીમાં સુજલામ સુફલામ નહેર મારફતે કેટલી વાર પાણી છોડવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ બનાસ નદીમાં ઉક્ત નહેર મારફતે સતત પાણીનો જથ્થો છોડવાથી ભૂગર્ભ જળ ઊંચા લાવવામાં મદદરૂપ થતું હોવાથી તે અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી?

----

**નવસારી જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે થયેલ નુકશાન માટે સહાય ચૂકવવા**

15/9/655 *115 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-

૧) રાજ્યમાં ૨૦૨૬ના વર્ષમાં થયેલી અતિવૃષ્ટિના કારણે નવસારી જિલ્લામાં સહાય ચૂકવવામાં આવેલ છે કે કેમ,અને

(૨) જો હા,તો ક્યા પ્રકારના નુકશાન માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

----

**સાબરકાંઠા જિલ્લામાં પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ-C) યોજના**

15/9/239 *116 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ પી.એમ.કુસુમ કોમ્પોનન્ટ-C યોજના અંતર્ગત ફીડર લેવલ સોલરાઈઝેશન હેઠળ સાબરકાંઠા જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ સ્થાપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સોલાર પ્રોજેક્ટની કુલ એકત્રિત સ્થાપિત ક્ષમતા કેટલી છે?

----

**સૌની યોજના અંતર્ગત દેવકા નદીમાં પાણી છોડવા બાબત**

15/9/446 *117 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સૌની યોજના અંતર્ગત વેરાવળ તાલુકાના ઉકડીયા તથા માળિયા (હા) તાલુકાના લાછડી ગામ પાસેથી પસાર થતી દેવકા નદીમાં પાણી છોડવા અંગે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં દેવકા નદીમાં કેટલું પાણી છોડવામાં આવ્યું?

----

**વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોમાં સંરક્ષણ દિવાલ બનાવવા બાબત**

15/9/1356 *118 **શ્રી જીતુભાઇ હરજીભાઇ ચૌધરી (કપરાડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોમાં રસ્તાના ટર્નિંગ પોઈન્ટ તથા અન્ય જોખમી ઢોળાવવાળા સ્થળોએ ભેખડ ધોવાણ તથા પથ્થરો ધસી પડતા અટકાવવા માટે સંરક્ષણ દિવાલ (Retaining/Protection Wall) તથા જરૂરી સ્થળોએ સ્ટીલ વાયર મેશ/ જાળી લગાવવાની કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો શી કામગીરી હાથ ધરવામાં આવેલ છે?

----

**સાવલી તાલુકાની ઝુમખા શાખા નહેરની ઝુમખા વિશાખા નહેરમાંથી નીકળતી ધનતેજ માઇનોર નો સિંચાઇ વિસ્તાર**

15/9/1348 *119 **શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ ઇનામદાર (સાવલી):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧).તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ સાવલી તાલુકાની ઝુમખા શાખા નહેરની ઝુમખા વિશાખા નહેરમાંથી નીકળતી ધનતેજ માઇનોર નો કેટલો સિંચાઇ વિસ્તાર છે,

(૨).તે પૈકી કેટલા વિસ્તારમાં સિંચાઇ થાય છે,અને

(૩).માઈનોર નહેરમાં કેટલા અંતર સુધી પાણી વહન થાય છે?

----

**ખેડા અને આણંદ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ**

15/9/694 *120 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી અને,

(૩) નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે?

----

**અમદાવાદ જિલ્લાના વિરમગામ વલાણા ચંદનનગર રોડને પહોળા કરવા તથા મજબુતીકરણ**

15/9/1320 *121 **શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ વલાણા ચંદનનગર રોડને પહોળા કરવા તથા મજબુતીકરણનું આયોજન છે કે કેમ, અને
(૨) જો હા તો સદર કામગીરી માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે?

----

**જૂનાગઢ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

15/9/368 *122 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થઈ,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) તે પૈકી કેટલી રકમની સહાય મંજુર કરવામાં આવી?

----

## પ્રાંતિજ તાલુકાના પોગલુ એપ્રોચ રોડ પહોળો કરવા

15/9/1326 *123 **શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર (પ્રાંતિજ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ પ્રાંતિજ તાલુકાના પોગલુ એપ્રોચ રોડ પહોળો કરવા માટે સરકારમાંથી જોબનંબર ફાળવેલ છે કે કેમ, અને

(૨) જો હા તો, સદર કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી ?

----

## છોટાઉદેપુર જિલ્લાના ગામોમાં વીજ વિતરણ કરવાની કામગીરી

15/9/226 *124 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના કેટલા ગામોની વીજ વિતરણ કરવાની કામગીરી વડોદરા જિલ્લાની વિભાગીય કચેરીઓ હેઠળ આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉક્ત કામગીરી છોટાઉદેપુરજિલ્લાની વિભાગીય કચેરીઓને કેટલા સમયમાં સોંપવાનું આયોજન છે?

----

## ગુજરાત જાહેર સેવા આયોગમાં ખાલી સભ્ય સંખ્યા

15/9/736 *125 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

સામાન્ય વહિવટ :-

પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા. ૨૪/૨/૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૮/૭૧૭ (અગ્રતા-૪૩)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ ગુજરાત જાહેર સેવા આયોગની મંજુર થયેલ સભ્ય સંખ્યા ૭ પૈકી ૬ ખાલી જગ્યાઓ ભરવાની બાબત કયા તબક્કે છે,

(૨) The Gujarat Public Service Commission (Conditions of Service) Regulations, 1960 ના નિયમો હેઠળ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલી દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

----

## તાપી જીલ્લાનો ઉચ્છલ નિઝર રોડનું ચાર માર્ગીયકરણ

15/9/1334 *126 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ તાપી જીલ્લાનો ઉચ્છલ નિઝર રોડ કે જે હાલ ૧૦મીટરની પહોળાઈ ધરાવે છે, તેના ચાર માર્ગીયકરણ અંગેનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ,
(૨) જો હા તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને
(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યાં તબક્કે છે?

----

## મહેસાણા જિલ્લામાં તીર્થગામ/પાવનગામ યોજના

15/9/463 *127 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલા ગામને તીર્થગામ/પાવનગામ જાહેર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કેટલું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે?

----

## કડી શહેર/તાલુકાની જમીનમાં ગેરકાયદેસર ખનન

15/9/722 *128 **શ્રી રાજેન્દ્રકુમાર દાનેશ્વર ચાવડા (કડી):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી શહેર તથા કડી તાલુકાના વિવિધ ગામોની ગૌચર, સરકારી પડતર તથા અન્ય સરકારી જમીનોમાંથી ગેરકાયદેસર રીતે રેતી, માટી તથા અન્ય ખનીજનું ખનન અને પરિવહન કરવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો મળી અને મળેલ ફરિયાદો અંગે શી કાર્યવાહી કરી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખનીજ ચોરી અટકાવવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

----

## આદ્રી બંધારાથી મૂળદ્વારકા વિસ્તરણ કેનાલ બાબત

15/9/563 *129 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિ આદ્રી બંધારાથી મૂળદ્વારકા વિસ્તરણ કેનાલને સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે કે કેમ,

(૨) જો હા તો,આ કામ કયા તબક્કે છે,અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## દાહોદ જિલ્લાના ગામોને સરફેસ સ્ત્રોત આધારિત જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવા બાબત

15/9/439 *130 **શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/03/૨૦૨૬ની સ્થિતિએ, દાહોદ જિલ્લાના તાલુકાવાર કેટલા

ગામોનો સમાવેશ સરફેસ સ્ત્રોત આધારિત જૂથ પાણી પુરવઠા યોજનામાં કરવામાં આવેલ છે,

(૨).ઉક્ત જૂથ યોજનામાં સમાવેશ ન થયેલ બાકી રહેતા ગામોની તાલુકાવાર સંખ્યા કેટલી છે,અને

(૩).ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાકી રહેતા ગામોને જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવા માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## ભાવનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/707 *131 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી અને,

(૩) નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે?

----

## મહીસાગર જિલ્લામાં લુણાવાડા શહેર અને તાલુકામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/9/444 *132 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

૧) તા.૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેર અને તાલુકામાં કેટલી બિન ખેતી પરવાનગી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે તે મંજૂર બિનખેતી પરવાનગીનો અંદાજીત વિસ્તાર કેટલો છે?

----

## અમદાવાદ જિલ્લાના ગુંજાર, અણીયારી, ભીમજી, તગડી, આકરુ, સોઢી, સંગાસર રોડના મજબુતીકરણ

15/9/1319 *133 **શ્રી કાળુભાઇ રૂપાભાઇ ડાભી (ધંધુકા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ગુંજાર અણીયારી ભીમજી તગડી આકરું સોઢી સંગાસર રોડના મજબુતીકરણનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હાં તો સદર કામગીરી માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે?

----

## ધ્રાંગધ્રા-જશાપર-નારીચાણા--રાવળીયાવદર-કળમાદ- સડલા રોડ પહોળો કરવાનું આયોજન

15/9/1343 *134 **શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ધ્રાંગધ્રા-જશાપર-નારીચાણા--રાવળીયાવદર-કળમાદ- સડલા રોડ કી.મી. ૦/૦ થી ૧૭/૩ ને પહોળો કરવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ,

(૨) જો હા તો સરકાર ધ્વારા સદરહુ કામ કરવા માટે કેટલી રકમની મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામ કયા તબક્કે છે?

----

## ખેડા અને આણંદ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/700 *135 **શ્રી વિપુલકુમાર વિનુભાઇ પટેલ (સોજિત્રા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

૧) તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ છેલ્લાએક વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી,અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## રાજકોટ જિલ્લાના લીલાખા ગામથી વિરપુર તરફ જતો રસ્તો

15/9/1331 *136 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના લીલાખા ગામથી વિરપુર તરફ જતો રસ્તો મંજુર થયેલ છે કે કેમ,
(૨) જો હા તો કેટલી રકમ મંજુર થયેલ છે,અને
(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાની કામગીરી કયા તબક્કે છે ?

----

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સિંહણ નાની સિંચાઈ યોજનાની મરામતની કામગીરી

15/9/102 *137 **શ્રી મુળુભાઇ હરદાસભાઇ બેરા (ખંભાળીયા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં આવેલ ખંભાળીયા તાલુકાની સિંહણ નાની સિંચાઈ યોજનાની મરામતની કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થનાર છે?

----

## રાજ્ય સરકારે વેચાણ કરેલ વીજળી

15/9/422 *138 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કયા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને
(૨) ઉક્ત વીજળી વેચાણથી થયેલ આવકને કયા હેડ ખાતે દર્શાવવામાં આવી, અને
(૩) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શાં છે?

----

## વાવ-થરાદ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/708 *139 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાવ-થરાદ જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## વિકાસલક્ષી ગ્રાન્ટોમાં ટકાવારીની મર્યાદા દૂર કરવા બાબત

15/9/4 *140 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**આયોજન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (આયોજન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વિવિધ યોજનાઓ હેઠળ મળતી ગ્રાન્ટો, જેમ કે ૧૫ % વિવેકાધીન ગ્રાન્ટ, એટીવીટી ગ્રાન્ટ તથા અન્ય વિકાસલક્ષી ગ્રાન્ટોમાં વિવિધ પ્રકારના વિકાસકામો માટે નક્કી કરવામાં આવેલી ટકાવારીની મર્યાદા દૂર કરવા અથવા તેમાં ફેરફાર કરવા બાબતે કોઈ દરખાસ્ત અથવા વિચારણા હાથ ધરવામાં આવેલ છે કે કેમ,અને

(૨) જો હા, તો તે અંગે ઉકત સ્થિતિએ સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## વિજયનગર તાલુકાના જાલેટી ગામે તળાવની પાળ ઉંચી કરવા બાબત

15/9/113 *141 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજયનગર તાલુકાના જાલેટી ગામે આવેલ તળાવની પાળ ઉંચી કરવા કેટલી રજૂઆતો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તળાવની પાળ ઉંચી કરવા અંગેનો તપાસ અહેવાલ

છેલ્લે ક્યારે, કોના દ્વારા સરકારમાં રજૂ કરવામાં આવેલ,

(૩) ઉક્ત તપાસ અહેવાલ સ્થળ નિરીક્ષણ કર્યા વગર આપવામાં આવ્યો હોવાની હકીકત સાચી છે કે કેમ, અને

(૪) ઉક્ત તળાવની પાળ ક્યાં સુધીમાં ઉંચી કરવામાં આવશે?

----

**મંગલ મહુડી-ખીરખાઈ-નીનામાના ખાખરીયા- અગારા (ઉ) રસ્તા પર પુલ બનાવવા બાબત**

15/9/1336 *142 **શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંગલ મહુડી-ખીરખાઈ-નીનામાના ખાખરીયા- અગારા (ઉ) રસ્તા પર કોઇ પુલ મંજુર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યાં તબક્કે છે?

----

**પાટણ અને મહેસાણા જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ**

15/9/699 *143 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી?

----

**ચાંચ ખાડી પર પુલ બનાવવાની કામગીરી**

15/9/1328 *144 **શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ સોલંકી (રાજુલા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ચાંચ ખાડી પર પુલ બનાવવાની

કામગીરી મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો કેટલી રકમનું કામ મંજૂર કરવામાં આવેલ છે, અને
(૩) ઉકત સ્થિતિએ આ કામ કયા તબકકે છે?

----

## ધારી દલખાણીયા રોડને પહોળો કરવા બાબત

15/9/1329 *145 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ધારી દલખાણીયા રોડને પહોળો કરવાની કામગીરી મંજૂર થયેલ છે, કે કેમ,
(૨)જો, હા તો કેટલી રકમનું કામ મંજૂર કરવામાં આવેલ છે, અને
(૩) ઉકત સ્થિતિએ ઉકત કામ કયા તબકકે છે?

----

## ઉમરગામ તાલુકામાં કેશ ડોલ સહાય બાબત

15/9/1318 *146 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કેઃ

તા.૧૦/૦૮/૨૦૨૬ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે કેટલા લોકોને ઘરવખરી તેમજ કેશ ડોલની સહાય ચૂકવવામાં આવી?

----

## વાવ-થરાદ જિલ્લામાં સરદાર સરોવર યોજનાની નહેરો દ્વારા તળાવોનું જોડાણ

15/9/1350 *147 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**નર્મદા :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાવ-થરાદ જિલ્લામાં સરદાર સરોવર યોજનાની નહેરો દ્વારા તળાવો જોડાણ કરેલ છે કે કેમ,

(૨) જો હા,તો નહેરો દ્વારા કુલ કેટલા તળાવો જોડાણ કરેલ છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ જોડાણ કરેલ તળાવો પૈકી કુલ કેટલા તળાવો ભરવામાં આવેલ છે?

----

## બોટાદ થી ભાવનગર ને જોડતા મુખ્ય માર્ગ ને ફોર લેન બનાવવા બાબત

15/9/207 *148 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧). તા૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ થી ભાવનગર ને જોડતા બોટાદ - લાઠીદડ - કેરિયા ઢાળના રસ્તાને ફોર લેન બનાવવા માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,

(૨). જો હા, તો ઉક્ત કામગીરી હાલ કયા તબક્કે છે,અને

(૩). ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## કચ્છ જીલ્લામાં વીજ થાંભલાઓ અને વીજ વાયરોના મેન્ટેનન્સના કામો

15/9/173 *149 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૫/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લાના અબડાસા,લખપત અને નખત્રાણા તાલુકાઓના કેટલા ગામોમાં જર્જરિત વીજ થાંભલાઓ અને વીજ વાયરો બદલાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં બદલાવવાના બાકી છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## વલસાડ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે થયેલ નુકશાન માટે સહાય ચૂકવવા

15/9/654 *150 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કેઃ-

૧) રાજ્યમાં ૨૦૨૬ના વર્ષમાં થયેલી અતિવૃષ્ટિના કારણે વલસાડ જિલ્લામાં સહાય ચૂકવવામાં આવેલ છે કે કેમ,અને

(૨) જો હા,તો ક્યા પ્રકારના નુકશાન માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં નવા રસ્તા બનાવવા બાબત

15/9/333 *151 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ અને અમીરગઢ તાલુકામાં કેટલી રકમના કેટલા નવા રોડની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રોડના કામો પૂર્ણ થયા,અને

(૩) કેટલા કામો પ્રગતિ હેઠળ છે?

----

## સુરત જિલ્લાના ગોડસંબા કરવલ્લી ટીટોઈ સાલૈયા વલારગઢ રોડ પર મેજર પુલ બનાવવા બાબત

15/9/1344 *152 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ગોડસંબા કરવલ્લી ટીટોઈ સાલૈયા વલારગઢ રોડ પર મેજર પુલ બનાવવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ,
(૨) જો હા તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને
(૩) ઉકત કામગીરી કયા તબક્કે છે ?

----

## ગરુડેશ્વર તાલુકાની વાડિયા શાખા નહેરની કોઠી વિશાખા નહેરમાંથી નીકળતી સુકા માઇનોર નો સિંચાઇ વિસ્તાર

15/9/1347 *153 **ડૉ. દર્શના ચંદુભાઇ દેશમુખ (વસાવા) (નાંદોદ):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧).તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ગરુડેશ્વર તાલુકાની વાડિયા શાખા નહેરની કોઠી વિશાખા નહેરમાંથી નીકળતી સુકા માઇનોર નો કેટલો સિંચાઇ વિસ્તાર છે,

(૨).તે પૈકી કેટલા વિસ્તારમાં સિંચાઇ થાય છે,અને

(૩).માઈનોર નહેરમાં કેટલા અંતર સુધી પાણી વહન થાય છે?

----

## ડાંગ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/691 *154 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## ખેડા અને આણંદ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/692 *155 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી અને,

(૩) નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે?

----

## ધાનેરા તાલુકામાં આવેલ જડિયા ખાતે વિદ્યુત બોર્ડની નવીન સબ-ડિવિઝન કચેરી

15/9/593 *156 **શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાનેરા તાલુકામાં આવેલ જડિયા ખાતે વિદ્યુત બોર્ડની નવીન સબ-ડિવિઝન કચેરી શરૂ કરવા અંગેની કેટલી

અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત કચેરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

----

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/704 *157 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## મધુબન જળાશયમાંથી વલસાડ જિલ્લામાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા

15/9/85 *158 **શ્રી જીતુભાઇ હરજીભાઇ ચૌધરી (કપરાડા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ મધુબન જળાશયમાંથી વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકામાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે, અને

(૩) આ યોજનાના ખર્ચની અંદાજિત રકમ કેટલી છે?

----

## અમદાવાદ જીલ્લામાં સિંચાઈનું પાણી આપવા બાબત

15/9/1351 *159 **શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ જીલ્લામાં નળકાંઠા વિસ્તારમાં સિંચાઈથી વંચિત વિસ્તાર માટે સિંચાઈનું પાણી આપવા માટે કોઈ યોજના કરેલ છે કે કેમ,

(૨)જો હા, તો આ યોજનાની અંદાજિત કિંમત કેટલી છે, અને

(૩) આ યોજનાથી કુલ કેટલા ગામોના કુલ કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે?

----

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/725 *160 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કિસ્સાઓમાં ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે જમીન ફાળવણી

15/9/703 *161 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષણ વિભાગને વિવિધ હેતુઓ માટે કુલ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત કિસ્સાઓમાં કુલ કેટલી જમીન ફાળવવામાં આવી,અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કિસ્સાઓમાં ક્યા ક્યા હેતુઓ માટે જમીન ફાળવવામાં આવી?

----

## વઘઇ આહવા રોડ પર રોડ સેફટી અંતર્ગત કામગીરી

15/9/1337 *162 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ડાંગ જીલ્લાના વઘઇ આહવા રોડ પર રોડ સેફટી અંતર્ગત કામગીરી માટેનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને
(૨) જો હા તો, ઉકત અંગે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી ?

----

## બનાસકાંઠા જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ

15/9/701 *163 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરાવવા મુખ્ય કારણો શા છે?

----

## ગીરસોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાનાં બોસન ગામે ગેઇટેડ રિવર બાબત

15/9/572 *164 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**જળસંપત્તિ :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ગીરસોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાનાં બોસન ગામે સરસ્વતી નદી પર ગેઇટેડ રિવરના કામને સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે તે વાત સાચી છે,અને

(૨) જો હા, તો ઉક્ત કામને ક્યારે સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે અને ઉક્ત કામ હાલ કયા તબક્કે છે?

----

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા ભરતી

15/9/645 *165 **શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે:

(૧).તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા કુલ કેટલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે,
(૨).ઉક્ત સ્થિતિએ તે પૈકી પ્રક્રિયા પૈકી કેટલી જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા (પરીક્ષા, પરિણામ સહિત) પૂર્ણ કરવામાં આવેલ છે,અને
(૩).બાકી રહેલ ભરતી પરીક્ષા/પ્રક્રિયા ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## મહીસાગર જિલ્લાના હાડોડ ખાતે નદીમાં ચેકડેમ બનાવવા બાબત

15/9/443 *166 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) મહીસાગર જિલ્લાના હાડોડ ખાતે મહીસાગર નદીમાં ચેકડેમ બનાવવા માટેની મંજુરી ક્યારે આપવામાં આવી હતી,

(૨) તા. ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ ઉક્ત કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત ચેકડેમ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ પરિવહન સામે કરાયેલી કાર્યવાહી

15/9/5 *167 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાણ અને ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનિજ પરિવહન કરતા કુલ કેટલા વાહનો પકડવામાં આવેલ છે, અને
(૨) તે પૈકી કેટલા વાહનો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવેલ છે અને કુલ કેટલા રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવેલ છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં ખેડવા ડેમમાંથી ગામોના તળાવો ભરવાની યોજના

15/9/114 *168 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ખેડવા ડેમમાંથી નજીકના ગામોના તળાવો ભરવાની યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો ખેડવા ડેમમાંથી નજીકના ગામોના તળાવો ભરવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----